Sandesh

EDI

February 28, 2016
Page No. 4
Citylife



# ગુજરાતમાં હવે સ્ટાર્ટઅપની મોકળાશ

**ઈ.ડી.આઈ. ખાતે યોજાયેલી એન્યુઅલ ઈવેન્ટમાં ૫૦ જેટલા સ્ટાર્ટઅપ્સ દ્વારા પ્રેઝન્ટેશન**

'સિટી લાઈફ' દ્વારા ગુજરાતમાં સ્ટાર્ટઅપ માટે કેવી તકો રહેલી છે તેમજ ગર્લ્સ માટે કેવું વાતાવરણ છે તે જાણવાના પ્રયાસો કરાયા

**અનિરુદ્ધસિંહ પરમાર ।** અમદાવાદ : કોઈ કંપનીમાં જોબ કરવા કરતાં ગુજરાતી યંગસ્ટર્સ પોતાના બિઝનેસને વધારે મહત્ત્વ આપી રહ્યા છે. જેને કારણે ગુજરાતમાં સ્ટાર્ટઅપ કલ્ચર વધી રહ્યું છે. સ્ટાર્ટઅપને કારણે ઘણાં પ્રોબ્લેમ સોલ્વ થઈ રહ્યા છે તો નવા યુનિક આઈડિયા પર બિઝનેસ ડેવલપ થઈ રહ્યા છે. સાથે જ ઘણી એજન્સી પણ સ્ટાર્ટઅપ અને નવા ઈનોવેશન માટે મદદરૂપ થઈ રહી છે. ઈ.ડી.આઈ. ખાતે યોજાયેલી એન્યુઅલ ઈવેન્ટમાં ૫૦ જેટલા સ્ટાર્ટઅપે પોતાનું પ્રેઝન્ટેશન આપ્યું હતું. 'સિટી લાઈફ' દ્વારા પરંતુ શું ગુજરાતમાં સ્ટાર્ટઅપ કલ્ચર માટે કોઈ ખાસ વાતાવરણ છે ?, ગર્લ્સ સ્ટાર્ટઅપ માટે કેવા પ્રકારના ઓપ્શન રહેલા છે ?, સ્ટાર્ટઅપની શરૂઆત કેવી રીતે થઈ શકે છે ? વગેરે પ્રશ્નોના ઉત્તરો જાણવાનો પ્રયત્ન કર્યો.

## સ્ટાર્ટઅપ



## સક્સેસ સ્ટોરી

### સિટીના વેસ્ટ ફૂડમાંથી ઓર્ગેનિક ખાતર તૈયાર કરશે



દરેક સિટીની માર્કેટ અને હોટેલ્સમાં ફૂડનો ઘણો વેસ્ટ નીકળતો હોય છે. આ ફૂડ વિવિધ જગ્યાઓ પર ગંદકી કરતા હોય છે. પરંતુ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહેલા વિકાસ મિશ્રા અને સુનિલ મહાપાત્ર દ્વારા યુનિક કોન્સેપ્ટ પર બિઝનેસ શરૂ કરવામાં આવી રહ્યો છે. જેમાં ખેડૂતોને ઓર્ગેનિક ખેતી માટે ખાસ ખાતર આપવામાં આવશે. સાથે જ બાયોઝાઈમગ્રેનાલ દ્વારા ખેડૂતોને ખેતીમાં ઉપયોગી થઈ શકે તેવો પદાર્થ વિકસિત કરવામાં આવ્યો છે. આવનારા સમયમાં ઓર્ગેનિક ખેતી કરનાર ખેડૂતોની સંખ્યામાં વધારો થશે.

### અંધ લોકોને રસ્તો ચીંધશે 'ટોર્ચિટ'



મોટેભાગે અંધ લોકોએ રસ્તો શોધવા માટે સ્ટિકનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ પી.ડી.પી.યુ અને યુનિવર્સલ કોલેજના ત્રણ સ્ટુડન્ટ્સ હની બાગચંદાની, કિશન ટેકવાની અને જય શાહે 'ટોર્ચિટ' તૈયાર કર્યું છે. જેના ઉપયોગ દ્વારા અંધ લોકો રસ્તામાં આવતી મુશ્કેલીઓ વિશે જાણી શકશે. જેમ કે હાથમાં રહેલી ટોર્ચના નક્કી કરેલા વિસ્તારમાં કોઈ વિહિકલ કે બેરિઅર આવશે તો તે વાઈબ્રેટ થશે. પરંતુ વસ્તુ કે માણસ જેટલો નજીક આવશે તેટલું વાઈબ્રેટ વધારે થશે. જેથી તેઓ જાણી શકશે કે સામેની વ્યક્તિ કેટલી નજીક આવી છે.

### સ્ટાર્ટઅપને સ્ટાર્ટ કરવા આ સ્ટેપ્સને ફોલો કરો

1 સ્ટાર્ટઅપ માટે પહેલા કોઈપણ પ્રોબ્લેમને આઈડેન્ટિફાય કરો.

2 જે પ્રોબ્લેમ છે તેમાં ઈન્વેન્શનકરો અથવા પોતાના આઈડિયાથી ઈમ્પ્રૂવ કરો

3 પ્રાઈવેટ બીટામાં તેને રન કરો (એટલે કે પોતાના ફ્રેન્ડ્સ સર્કલ માટે તે આઈડિયાને ઓપન કરો)

4 પોતાના આઈડિયાને લઈને લોકોને મળવાનું શરૂ કરો, તમે બોલવાનું ઓછું અને સાંભળવાનું વધારે રાખો, આર્ગ્યૂ ન કરો. (ખોટી દલીલમાં ના પડો)

5 આવેલા સજેશનને તેમજ ઈમ્પ્રૂવમેન્ટ માટે સારા આઈડિયાને ઈમ્પ્લિમેન્ટ કરો.

6 જો તમે પોતાના આઈડિયાથી સંતુષ્ટ છો તો પ્રાઈવેટમાંથી પબ્લિકમાં તે આઈડિયાને લૉન્ચ કરો. જો તમે કોન્ફિડન્ટ નથી તો પ્રાઈવેટ બીટામાંથી તેને ક્લોઝ કરી દો.

7 આપવામાં આવેલા પાંચમાં સજેશન બાદ જ કોઈ નિર્ણય પર પહોંચી શકશો. યાદ રાખો કે કોઈ પ્રોબ્લેમનું સોલ્યુશન જ સ્ટાર્ટઅપની શરૂઆત બની શકે છે.

### એપ્લિકેશનમાં ઈ-બુક્સથી કમાણી



સિટીના મહેન્દ્ર શર્મા દ્વારા માતૃ ભારતી એપ્લિકેશન તૈયાર કરાઈ હતી. જેમાં હિન્દી, ઈંગ્લિશ, મરાઠી અને તામિલ એમ ચાર ભાષાની વિવિધ બુક્સ જોવા મળી રહી છે. અત્યારે આ એપ્લિકેશન ભારતના ૨૨ સ્ટેટમાં ડાઉનલોડ થઈ ચૂકી છે. સાથે જ ૪૨ દેશમાં પણ આ એપ્લિકેશન જોવામાં આવી રહી છે. અત્યારે એપ્લિકેશન પર ૩,૦૦૦ ઈ-બુક્સ અવેલેબલ છે અને ૩૫,૦૦૦ રીડર્સ જોડાયેલા છે. એપ્લિકેશન દ્વારા દર મહિને ૫૦થી ૭૦ હજારની કમાણી કરવામાં આવે છે.

### તમારી દરેક વિધિમાં હેલ્પ કરશે ઇઝી પૂજા



ઘણીવાર લગ્નની સિઝનમાં નાની - નાની પૂજા કરાવવા માટે અથવા તાત્કાલિક લગ્ન માટે આપણને બ્રાહ્મણ મળતા નથી. પરંતુ સિટીના રીયા શાહ અને વિઘ્નેશ અય્યર દ્વારા જન્મથી લઈને મૃત્યુ સુધીની તમામ વિધિ માટે મહારાજ અને પૂજાપાના સામાન માટે ખાસ 'ઈઝી પૂજા' લોન્ચ કરવામાં આવ્યું હતું. ૭ મહિનાના સમયગાળામાં ઈઝી પૂજા ૩૩ કરતાં વધારે પૂજા અને લગ્ન પૂજા કરાવી ચૂક્યું છે. સાથે જ વિવિધ ઉત્સવો દરમિયાન પૂજાનો સામાન ગિફ્ટ આપતા લોકો માટે પણ ગિફ્ટ કિટ તૈયાર કરી છે.



## સ્ટાર્ટઅપમાં ગર્લ્સ માટે કેવા પ્રકારના ઓપ્શન છે

ગર્લ્સ માટે મોટેભાગે સ્ટાર્ટઅપ માટે કોઈ ખાસ વ્યવસ્થા હોતી નથી. કારણ કે બિઝનેસમાં જેન્ડરને જોવામાં આવતું નથી. તમારો આઈડિયા જ મહત્ત્વનો હોય છે. ગુજરાતમાં ગર્લ્સ હવે આગળ વધી રહી છે.પહેલાં ગર્લ્સ દ્વારા તેમજ યંગસ્ટર્સ દ્વારા પણ મારી પાસે એવા પણ પ્રશ્નો આવતાં કે ઘરના લોકો સ્ટાર્ટઅપ પર પૈસા આપવાની ના પાડે છે. હવે ગર્લ્સ પોતાના આઈડિયા અને પોતાના પૈસાને લઈને જ સ્ટાર્ટઅપ શરૂ કરે છે. હવે પેરેન્ટ્સ પણ ગર્લ્સને સપોર્ટ કરી રહ્યાં છે.

- સત્યા રંજન આચાર્ય, ફેકલ્ટી, ઇ.ડી.આઇ.



## ગુજરાતમાં સ્ટાર્ટઅપ માટેનો બેસ્ટ સમય છે

અત્યારે ગુજરાતમાં સ્ટાર્ટઅપ માટેનો બેસ્ટ સમય છે. કારણ કે સરકારે બજેટમાં પણ 'ગુજરાત સ્ટાર્ટઅપ મિશન'ની શરૂઆત કરી છે. જેની માટે મોટું બજેટ પણ ફાળવવામાં આવ્યું છે. એક શરૂઆત થઈ હોવાનો આનંદ છે. સરકાર સ્ટાર્ટઅપને દર મહિને દસ હજાર રૂપિયાની હેલ્પ પણ કરશે. જેથી લોકો પોતાના આઈડિયા પર ફ્રી થઈને કામ કરી શકે. જો કોઈ સ્ટુડન્ટ્સ પાસે સારો આઈડિયા હોય તો તે 'આઈક્રિએટ' પાસેથી આર્થિક મદદ પણ મેળવી શકે છે. ત્યારબાદ તમે પોતાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરી શકો છો.

- મિતેષ સંઘવી, જીબીજી